# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 7-11-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પદની ચૂંટણીમાં ભવ્ય વિજયબદલ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા.- ભારત-અમેરિકા સંબંધોને વધુ મજબૂત બનાવવા સાથે મળીને કામ કરવાનો આશાવાદ વ્યક્ત કર્યો
2) તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડતી પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ત્રાસવાદ વિરોધી પરિષદ-2024ને સંબોધન કરશે.
4) 4 નવેમ્બરે એક કરોડ 20 લાખ મુસાફરોએ રેલવે પ્રવાસ કર્યોઃ એક દિવસમાં સૌથી વધુ રેલવે મુસાફરીનો વિક્રમ
5) આજે છઠ પર્વ પ્રસંગે શ્રધ્ધાળુઓ વિવિધ છઠ ઘાટો ખાતે સૂર્યાસ્ત સમયે સૂર્યને અર્ધ્ય અર્પણ કરશે
6) ટેનિસમાં, ભારતના દિવિજ શરણ અને તેમના ઇઝરાયેલના ભાગીદાર ડેનિયલ કુકીરમેન HPP ઓપનમાં પુરુષોની ડબલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા

*************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# TRUMP –USA PRESIDENT WORLD LEADERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પદની ચૂંટણીમાં ભવ્ય વિજય પ્રાપ્ત કરવા બદલ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેલિફોન પર વાત કરીને તેમને અભિનંદન પાઠવ્યા હતા. સામાજિક માધ્યમની પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે તેઓ ટેકનોલોજી, સંરક્ષણ, ઊર્જા, અવકાશ સહિતનાં ક્ષેત્રોમાં ભારત-અમેરિકા સંબંધોને વધુ મજબૂત બનાવવા સાથે મળીને કામ કરવા આશાવાદી છે. પ્રધાનમંત્રીએ અમેરિકન કોંગ્રેસની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીનાં દેખાવ બદલ પણ શ્રી ટ્રમ્પને અભિનંદન આપ્યા હતા. વાતચીત દરમિયાન શ્રી ટ્રમ્પે જણાવ્યું કે, સમગ્ર વિશ્વ શ્રી મોદીને પ્રેમ કરે છે. ભારતને ખૂબ સરસ દેશ ગણાવતા શ્રી ટ્રમ્પે શ્રી મોદીને એક ઉમદા વ્યક્તિ ગણાવ્યા હતા. ટ્રમ્પે જણાવ્યું કે, તેઓ શ્રી મોદી અને ભારતને પોતાનાં સાચા મિત્ર માને છે.

દરમિયાન, સમગ્ર વિશ્વનાં નેતાઓએ શ્રી ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા છે. ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ શ્રી ટ્રમ્પનાં વિજયને ઇતિહાસનું સૌથી મોટું પુનરાગમન ગણાવ્યું છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી, યુકેના પ્રધાનમંત્રી કિયર સ્ટાર્મેર, ફ્રેન્ચ પ્રમુખ ઇમેન્યુલ મેક્રોં અને તુર્કીશ પ્રમુખ રેસેપ તૈયર અર્ડોગન ઉપરાંત ઇટાલિયન પ્રમુખ જ્યોર્જિયા મેલોનીએ પણ શ્રી ટ્રમ્પને અમેરિકાના 47મા રાષ્ટ્રપ્રમુખ બનવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

# CABINET DECISION

કેન્દ્રીય મંત્રીમંડળે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે કહ્યું કે, 'વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કોઈ પણ પ્રકારની જામીનગીરી વિના ધિરાણ મેળવવા માટે પાત્ર બનશે.' શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે, 'નાણાકીય સમસ્યાઓના કારણે દેશનો કોઈ પણ યુવાન ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.'

આ યોજનાથી સાત લાખ વિદ્યાર્થીઓને લાભ થવાની આશા છે. યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓ યુનિફાઇડ પોર્ટલ પીએમ વિદ્યાલક્ષ્મી પર અરજી કરી શકે છે..

કેન્દ્ર સરકારે F.C.I. એટલે કે, ભારતીય ખાદ્ય નિગમમાં 10 હજાર 700 કરોડ રૂપિયાના ઇક્વિટીના રોકાણને  પણ મંજૂરી આપી છે. આ રોકાણથી સરકાર પર વ્યાજ અને સબસિડી એટલે કે, નાણાકીય મદદનું ભારણ ઘટશે. ભારતીય ખાદ્ય નિગમ લઘુત્તમ ટેકાના ભાવ પર અનાજની ખરીદી, સંગ્રહ અને બજારમાં ખાદ્ય ઉત્પાદનોના સ્થિર ભાવ જાળવીને ખાદ્ય સુરક્ષામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ નિર્ણયની પ્રશંસા કરતા સામાજિક માધ્યમની પોસ્ટમાં જણાવ્યું કે, આ મૂડી રોકાણથી અનાજ પ્રાપ્તિ અને વિતરણમાં એફસીઆઇની કાર્યક્ષમતા વધશે. શ્રી મોદીએ પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંત્રીમંડળની મંજૂરીની પણ પ્રશંસા કરી હતી.

# EC SEIZURES MAHARASHTRA JHARKHAND

ચૂંટણી પંચે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે તે મહારાષ્ટ્ર, ઝારખંડ ઉપરાંત જ્યાં પેટા ચૂંટણીઓ યોજાવાની છે તેવા રાજ્યોમાંથી 558 કરોડ રૂપિયાની રોકડ, મતદારોને મફતામાં વહેંચવાની ચીજો, શરાબ, માદક પદાર્થો અને કિંમતી ધાતુઓ જપ્ત કરી છે.

ચૂંટણી પંચે જણાવ્યું છે કે, મહારાષ્ટ્રમાંથી આશરે 280 કરોડ રૂપિયા અને ઝારખંડમાંથી 158 કરોડ રૂપિયાનાં મૂલ્યની ચીજો જપ્ત કરવામાં આવી છે. આ બંને રાજ્યોમાંથી થયેલી કુલ જપ્તી 2019ની વિધાનસભા ચૂંટણી કરતા ત્રણ ગણી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે તમામ અધિકારીઓને ચૂંટણી દરમિયાન ભ્રષ્ટાચાર સામે શૂન્ય સહિષ્ણુતા નીતિ અપનાવવા નિર્દેશ આપ્યો છે.

# AMIT SHAH CONFERENCE

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ત્રાસવાદ વિરોધી પરિષદ-2024ને સંબોધન કરશે. બે દિવસની આ પરિષદનું આયોજન કેન્દ્રીય ગૃહ મંત્રાલયની રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NIA દ્વારા કરવામાં આવ્યું છે. સંમેલનનો હેતુ સંપૂર્ણ સરકાર દ્રષ્ટિકોણની ભાવનામાં આતંકવાદનાં જોખણ સામે સંગઠિત કાર્યવાહી માટે પ્રણાલિ સ્થાપિત કરીને વિવિધહિત ધારકો વચ્ચે સામંજસ્ય વિક્સિત કરવાનો અને ભવિષ્યની નીતિ ઘડતર માટે નક્કર પરામર્શ રજૂ કરવાનો છે.

# PREZ-GOA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગોવાની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ ‘ડે એટ સી’ કાર્યક્રમમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં ભારતીય નૌકાદળના લડવૈયાઓની કાર્યક્ષમતા દર્શાવવામાં આવશે, જેમાં આઈએનએસ વિક્રાંતની ઉડ્ડયન કામગીરીની ઝાંખીનો પણ સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

..........................................................................

# INDIAN-RAILWAYS-PASSENGERS.RTF

ભારતીય રેલ્વેએ છેલ્લા છત્રીસ દિવસમાં 4 હજાર 521 વિશેષ ટ્રેનો ચલાવીને 65 લાખ મુસાફરોને સેવા આપી છે. છઠ પૂજાને ધ્યાનમાં રાખીને રેલ્વે વિભાગ 8 થી 11 નવેમ્બર સુધી દરરોજ 160 વિશેષ ટ્રેનો દોડાવશે.

મુસાફરોના ધસારાને પહોંચી વળવા જરૂરિયાત મુજબ સમસ્તીપુર, દાનાપુર અને અન્ય વિભાગો માટે વધારાની ટ્રેનોની પણ જાહેરાત કરવામાં આવી છે. 4થી નવેમ્બરના રોજ ભારતીય રેલ્વેએ 120 લાખથી વધુ મુસાફરોને મુસાફરીની સુવિધા આપી હતી. એક દિવસમાં સૌથી વધુ રેલવે પ્રવાસીઓની મુસાફરીનો આ વિક્રમ છે. સોમવારે 20 લાખ આરક્ષિત અને એક કરોડ અનઆરક્ષિત પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો. તહેવારોની ભીડને પહોંચી વળવા માટે 1લી ઓક્ટોબરથી 30મી નવેમ્બરની વચ્ચે 7 હજાર 600થી વધુ વિશેષ ટ્રેનો ચલાવવાની યોજના બનાવી છે ઉલ્લેખનીય છે કે જે ગયા વર્ષની સરખામણીમાં લગભગ 73 ટકા વધારે છે.

# CHHATHPUJA

છઠ પુજા પર્વની ઉજવણીનો આજે ત્રીજો દિવસ છે. શ્રધ્ધાળુઓ નદી કિનારે આવેલા વિવિધ છઠ ઘાટો ખાતે સૂર્યાસ્ત સમયે સૂર્યને અર્ધ્ય અર્પણ કરશે. મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જળાશયો, તળાવો અને પોતાનાં ઘરની છત પરથી ધાર્મિક વિધી કરશે. ચાર દિવસનો આ તહેવાર આવતી કાલે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કરીને સંપન્ન થશે.

નદી કિનારે શ્રધ્ધાળુની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને સમગ્ર બિહારમાં પૂરતી સલામતી વ્યવસ્થા કરવામાં આવી છે. પૂજા પૂર્ણ થાય ત્યાં સુધી ખાનગી હોડી ચલાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છઠ પુજા પ્રસંગે લોકોને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશામાં સુશ્રી મુર્મુએ જણાવ્યું છે કે, છઠ પુજા ભારતનાં સૌથી જૂના તહેવારોમાંનો એક છે અને સૂર્યની આરાધના કરવાનો પ્રસંગ છે.

# TENNIS HPP OPEN

ટેનિસમાં, ભારતના દિવિજ શરણ અને તેમના ઇઝરાયેલના ભાગીદાર ડેનિયલ કુકીરમેન ફિનલેન્ડના હેલસિંકીમાં રમાઇ રહેલી HPP ઓપનમાં પુરુષોની ડબલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા છે. શરણ અને કુકીરમેને ગઈ કાલે રાત્રે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાંચેકિયાના માતેજ વોસેલ અને ડેનમાર્કના જોહાન્સ ઈંગિલ્ડસેનની જોડીને 7-6, 7-5થી હરાવી હતી.

ભારત-ઈઝરાયેલની જોડી આજે રાત્રે ક્વાર્ટર ફાઇનલમાં ઇટલીના માર્કો બોર્ટોલોટી અને ફિનલેન્ડના પેટ્રિક નિક્લાસ સાલ્મિનેનની ચોથી ક્રમાંકિત જોડી સામે ટકરાશે. મેચ ભારતીય સમય અનુસાર રાત્રે 10 વાગીને 20 મિનિટે શરૂ થશે.

-પુલ અનિલ.  - દુર્ગેશ

# TENNIS- MOSELLE OPEN

ફ્રાન્સમાં મેટ્ઝ ખાતે રમાયેલી ટેનિસ મોસેલે ઓપનમાં ઋત્વિક ચૌધરી બોલિપલ્લી અને ફ્રાન્સિસ્કો કેબ્રનની ભારતીય-પોર્ટુગીઝ જોડીએ ટોચની ક્રમાંકિત મેક્સિકન જોડી સાન્ટિયાગો ગોન્ઝલેઝ અને એડુઅર્ડ રોજર-વેસેલિનને 7-6; 6-4 થી હાર આપી છે.

# NEPALAND INDIA

નેપાળ અને ભારત જળવિદ્યુત યોજનાઓનો ઝડપી અમલ કરવા અને ઉર્જા, જળ સંસાધનો તેમજ અન્ય મહત્વના ક્ષેત્રો પર સહયોગ આગળ વધારવા સંમત થયા છે. ૩ થી 6 નવેમ્બર દરમિયાન ભારતની મુલાકાતે આવેલા નેપાળના ઉર્જા અને જળ સંસાધન મંત્રી દીપક ખડકાએ આજે કાઠમંડુના ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાનમથકે માધ્યમો સાથેની ટૂંકી વાતચીત દરમિયાન આ માહિતી આપી હતી.

મુલાકાત દરમિયાન શ્રી ખડકા ભારતના ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટર અને ઉર્જા અને જળ સંસાધન મંત્રી સી.આર. પાટીલને મળ્યા હતા અને ઉર્જા, જળ સંસાધનો અને સિંચાઈ પર સહકારને આગળ વધારવાની ચર્ચા કરી હતી. ભારતે સૌર પેનલો સ્થાપિત કરીને નેપાળનાં પર્વતીય વિસ્તારોના લોકોને પીવાના પાણી અને સિંચાઈની સુવિધા પૂરી પાડવા માટે જરૂરી સહાય પૂરી પાડવાની ખાતરી આપી હતી.

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

# મારા સહયોગી રિધ્ધિ ઉંધાડ

- તમામ અખબારોમાં આજે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખની ચૂંટણીના સમાચારો પ્રથમ પાને જોઈ શકાય છે.
- દિવ્ય ભાસ્કર લખે છે – અમેરિકાએ પસંદ કર્યો પોતાનો સુપર પાવર.
- સૌથી મોટી વયે યુએસ પ્રમુખ બનનારા ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વ્યક્તિ - અમેરિકામાં ફિર એક બાર ટ્રમ્પ સરકાર મથાળું ગુજરાતસમાચારમાં જોવા મળે છે.
- સંદેશ અખબાર લખે છે – અમેરિકામાં ટ્રમ્પ કાર્ડ ચાલ્યું. ચારવર્ષે ફરી સત્તા. અમેરિકાની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભારતવંશી ઇતિહાસ રચી રહ્યા છે – આ સમાચારો સંદેશ અખબારમાં પ્રથમ પાને જોવા મળે છે.
- ટાઇમ્સ ઑફ ઇન્ડિયા રસપ્રદ માથાળુ લખે છે - ડોન ઇઝ અમેરિકાઝ મોસ્ટ વોન્ટેડ.
- નવગુજરાત સમય લખે છે કે - અબ ટ્રમ્પ સરકાર - 294 વિરુદ્ધ 223થી કમલાની હાર
- રૂપિયો તીવ્ર કડાકા સાથે 84.29ના નવા તળિયે મોંઘવારી વધવાની શક્યતા આ સમાચારો કેટલાક અખબારો પ્રથમ પાને જોઈ શકાય છે.
- હાઇકોર્ટે નોટિસ વિના મકાન તોડી પાડી નાંખનાર સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને નોટિસ ફટકાર્યાના સમાચાર ગુજરાત સમાચારમાં પ્રકાશિત થયા છે.
- મુંબઈ– અમદાવાદ વંદે મેટ્રો ટેન પહેલી ટ્રાયલમાં પાસ સમાચાર દિવ્ય ભાસ્કરના પ્રાદેશિક પાના પર જોઈ શકાય છે. .